# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

**સલામી સવારની..**

'આતંકી'ને ફાંસી દઇએ તો ય ખોફ થઇ જાય છે!
અહીંથી તો માથાં લૈ જાય તોય માફ થઇ જાય છે!
સાફ થઇ જાય દુશ્મની અહીં રમત-રમતમાં -
વિદેશ પ્રધાનને જોઇ બધું બાફ થઇ જાય છે!

**હાઇકુ**

ટાઉન હોલ!
કાર્યક્રમોનું સાતત્ય!!
પર્દો પડે ક્યાંથી?!
(બંધ જ થતો નથી-)

બેસ્ટ એવોર્ડ -
- ક્રાઇમ ને સેફ્ટીમાં?!
(લ્યો!) કાંઇ કે'વું છે?!
(નગર નો પ્રભાવ)

## ચિંતન

**ન કશ્ચિદપિ જાનાતિ કિંકસ્ય શ્વો ભવિષ્યતિ ।**
**અતઃ શ્વઃ કરણીયાનિ કુર્યાદ ધૈવ બુધ્ધિમાન ॥**

આ શ્લોકમાં 'કાલ કરે સો આજ કર અને આજ કરે સો અબ' નો સંદેશ આપવામાં આવ્યો છે : 'કોઇ જાણતું નથી કે આવતીકાલે કોનું શું થવાનું છે, માટે બુધ્ધિશાળી મનુષ્યએ આવતી કાલે કરવાનાં કાર્યો આજે જ કરવાં જોઇએ.'

આળશુ અને એદી લોકો કોઇ પણ નિયમિત કે નવાં કામ કરવા માટે ઉત્સાહ અને તત્પરતા દર્શાવતા નથી અને ન-કરવા માટે નાં બહાનાં જ શોધ્યાં કરતાં હોય છે અને એમને આર્થિક-સામાજિક-વૈજ્ઞાનિક કારણો મળી રહેતાં જ હોય છે. જયારે કોઇ પણ કારણ હાથવગું ન થાય ત્યારે 'આજ નહીં, કાલે જરૂર થઇ જશે.' એમ કહીને પણ ટાળી નાખે છે. જયારે કોઇ ખૂબ જ ઉતાવળ-આગ્રહ રાખે ત્યારે 'પછી'ની ઢાલ રજૂ કરે છે - 'પછી'માં પણ 'થોડીવારમાં'- 'બે મિનિટ' જેવા વિકલ્પો તો હોય જ છે..

માણસમાં ત્વરા-ચપળતા-ઉત્સાહ હોવો જોઇએ. પોતાની નજરમાં કોઇ પણ 'કરવા જેવું' કામ નજરે ચઢે કે તરત ઉભા થઇ આટોપી દેવું જોઇએ. 'ઉભો થઇશ ત્યારે કરીશ' એ ક્ષણ કદી આવતી નથી કે યાદ રહેતું નથી..

આપણો શ્વાસો-શ્વાસ ચાલે છે એમાં કોઇને પણ ખબર નથી કે કયો શ્વાસ પાછો ફેફસાં સુધી પહોંચવાનો નથી, માટે વર્ષોનાં આયોજન કરનારાએ સાવધ થઇ શક્ય એવાં કામ 'આજ, આજ ભાઇ અત્યારે'નો સિધ્ધાંત સમજી તરત અમલમાં જ મૂકવો જોઇએ.

## સુવિચાર

- શરીરને રોગગ્રસ્ત, નાદુરસ્ત અને દુર્બળ રાખવા જેવું બીજું કોઇ પાપ નથી - બાલગંગાધર તિલક
- પાપનું ફળ દુખ નથી, પણ બીજું પાપ છે, માણસ પછી પાપના વિષચક્રમાં પડી જાય છે અને વધારેમાં વધારે ફસાતો જાય છે - જયશંકર પ્રસાદ
- પાપી પોતાના પાપથી જ બળી જાય છે - તુલસીદાસ
- પાપી દુઃખોને જ રડતો હોય છે, જયારે સંત દુષ્કૃત્યોને રડતો હોય છે - રત્ન સુંદર વિજયજી
- પાપ કે પુણ્ય જેવું કોઇ કર્મ નથી પણ તેનાં કર્તાની માનસિક ભાવના પર તે આધારિત હોય છે - સ્વામી રામતીર્થ
- જેમ આગથી આગ ઓલવાતી નથી તેમ પાપથી પાપ ધોવાતાં નથી - ટોલ્સટોય
- પાપમાં પડીને પણ ગર્વ કરે તે શેતાન, પણ ભૂલથી પણ પાપ થઇ જાય તેનું દુઃખ થાય તે સંત - એસ. ભટ્ટાચાર્ય

## બોધ કથા

કેટલાંક લોકોને કલા-કલાકાર-સંગીતમાં રસ તો નથી જ હોતો એમનાં નામ ઠામ પણ ન સાંભળ્યાં હોય, એવા ધનિકો પણ હોય છે, લગ્ન પ્રસંગે ગાવા-બજાવવા વાળાનો 'અવાજ થવો' જોઇએ એટલી જ એમને ખબર હોય, કોણ, શું ગાય છે, વગાડે છે એનાથી એમને કંઇ જ સંબંધ નહીં.

ઉસ્તાદ બિસ્મિલાખાન પોતાના સાજિંદાઓ સાથે રેલ્વે પ્રવાસમાં જતા હતા. ટ્રેનને એકાદ કલાકની વાર હતી, બહુ ઓછાં જાણતા હશે ઉત્સાદ બિસ્મિલાખાન વિશ્વ વિખ્યાત શહેનાઇ વાદક તો હતા જ પણ સાથે સાથે પત્તાના સારા જાદુગર પણ હતા.

હવે પ્રથમ વર્ગનાં વેઇટીંગ રૂમ (વિશ્રામ ખંડ)માં પોતાના સાજિંદાઓને પત્તાંનાં નવા જાદુ બતાવતા હતા. એમાં અન્ય વેઇટીંગવાળા પ્રથમ વર્ગનાં ધનિકો પણ હતા. એમને પણ જાદુ જોઇ મજા આવી.

એમાં, એક ધનિક શેઠ જે બિસ્મિલાખાનને શહેનાઇ વાદક તરીકે જાણતા જ નો'તા એમને થયું આ કોઇ મોટા 'જાદુગર' લાગે છે અને પોતાના 'સ્ટાફ' સાથે પેટી-પટારા લઇ કયાંક 'કાર્યક્રમ' આપવા જતા લાગે છે. એ શેઠની દિકરીનાં લગ્ન પંદર દિવસ પછી હતાં.

એમણે પોતાને ત્યાં 'કાર્યક્રમ' તારીખ-સમય-ભાવ નક્કી કરી નાખ્યાં, કાર્ડ સરનામાં-ફોન નંબર લેતી-દેતી થઇ ગઇ.

લગ્નની તારીખે બિસ્મિલાખાન તો સાજ-સાંજિદા સાથે પહોંચી ગયા. કંકોત્રીમાં ગીત-સંગીત સાથે જાદુનાં કાર્યક્રમનો ઉલ્લેખ હતો! લોકો જે બિસ્મિલાખાન ને ઓળખતા હતા એ લોકો તો અભિભૂત થઇ ખૂબ તાળીથી વધાવી લીધા. પરંતુ મૂળ યજમાનને કાપો તો લોહી ન નીકળે, એમને એમ.. કે જાદુગર..

બિસ્મિલાખાન કહે જાદુગર ખરો પણ શરણાઇનો...

# જીવન સ્વપ્નની ફલશ્રુતિનું ચિંતન પણ દિલીપભાઇએ સરસ રીતે વ્યક્ત કર્યું : 'ભગવાન જે પણ આપે, તે હસતાં - હસતાં સ્વીકારવું'

**મોંઘેરા મોતી**
- નટવર આહલપરા

**નિખાલસ વ્યક્તિત્વના ધની વિદ્યારસિક દિલીપભાઈ સિંહાર**



માતા અને પિતાથી શરૂ થયેલી શિક્ષણની સરવાણી આજે પણ જેમનાં તરફ વહી રહી છે. તેવા હકારાત્મક દૃષ્ટિકોણથી જીવન જીવતા દિલીપભાઈનો જન્મદિન ૧૧-૭-૧૯૫૫ છે. જન્મ સ્થળ રાજકોટ જિલ્લાનું ઉપલેટા ગામ.

પિતા હિરાભાઈ અને માતા સ્વ. સોમબહેનના શિક્ષણ, સંસ્કારનો અમુલ્ય વારસો દિલીપભાઈને પ્રાપ્ત થયો છે. તેનો તેમને આનંદ છે. પિતાનું મૂળ વતન રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનું હડમતિયા દિલીપભાઈએ બી.એ., બી.એડની ઉપાધિ મેળવી છે. રાજકોટમાં આલ્ફ્રેડ હાઇસ્કુલ તથા કરણસિંહજી હાઇસ્કુલમાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવતી વખતે મનમાં ગડમથલ ચાલતી હતી કે, નાની પણ આદર્શ શાળા શરૂ કરવી. આ ગડમથલ સંઘર્ષથી દૂર કરી અને સિંહાર સંસ્કાર વિદ્યાલયનો પ્રારંભ થયો. જે વિદ્યાલયો આજે વિકસિત થઈ રહ્યા છે. આગવી દૃષ્ટિથી તેઓ પોતાની વિદ્યા સંસ્થાઓનું કુશળતા પૂર્વક સંચાલન કરી રહ્યા છે. શિક્ષણ કેડી કંડારતા શિક્ષણપ્રિય દિલીપભાઇએ તા. ૧૦-૨-૧૯૭૭માં રાજકોટ જિલ્લાની ધોરાજી તાલુકાના છાડવાવદર મુકામે સ્વ. ભૂરાભાઈ હરદાસભાઈ રાઠોડ કે જેઓ સમગ્ર ધોરાજી તાલુકામાં ગુરુજીના નામથી ઓળખાતા હતા. તેમના સુપુત્રી સુનિતાબેન સાથે સાંસારિક જીવનની શરૂઆત કરી. સંતોનોમાં પુત્રી શીતલ, નેહા અને પુત્ર વિવેક શિક્ષિત છે. ઉચ્ચ અભ્યાસથી ઘડાયા છે.

જ્યારે મેં કમ્પ્યુટર યુગ વિશેનું મંતવ્ય પૂછ્યું ત્યારે તેમણે મને કહ્યું કે, 'માનવ જીવનને સહેલું, વિકાસશીલ બનાવે છે અને હવે પછીની પેઢી માટે અનિવાર્ય બની રહેશે.'

વાચન માટે સમય ન બચાવી શકતા દિલીપભાઈને ટીવી સીરિયલ ગમતી નથી. બાધા, આખડી, માનતા, ઉપવાસ, વ્રત અને એકટાણાં વિશે વાત કરતાં તેમણે આ રીતે જણાવ્યું હતું, 'ભગવાન પર મને પૂર્ણ શ્રધ્ધા છે. પરંતુ બાધા, આખડી રાખવા કરતાં આપણને આપણા સુખ માટે શું જરૂર છે. તે માંગણી જ વાજબી નથી. આપણા માટે જે સારું હોય તે પ્રભુ આપે છે. તેવો દૃઢ વિશ્વાસ હું ધરાવું છું. ભગવાનમાં જેવો છે. પેંડા ઘરમાં હોવા છતાં બાળકના હિતમાં ન હોય તો મા બાળકની માંગણી હોય તો પણ ન આપે. ઉપવાસ, એકટાણાં શરીરની સ્વસ્થતા માટે જરૂરી છે. પણ તેને ધાર્મિક લાગણી સાથે જોડવાની જરૂર નથી.'

જાતે પાઠ, પૂજા કે ધાર્મિક વિધિ બાબતે તેમનો ઉત્તર આ પ્રમાણે રહ્યો છે. 'ભગવાનને પ્રાર્થના નિયમિત કરું છું. પણ ધાર્મિક વિધિની રીતે તેમ કરવાના મતનો હું નથી ભગવાન પ્રત્યનો ભાવ ક્ષણે ક્ષણે વહેવો જોઈએ. પણ ઔપચારિક રીતે નહીં.'

તેમણે પર્યટનો - પ્રવાસો થોડા કર્યાં છે. સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા તેઓ ઈશ્વર પર પૂરેપૂરો વિશ્વાસ ધરાવે છે. તેમના નાના, માતા-પિતા અને પોતે પણ સામાજિક કુરિવાજોના વિરોધી રહ્યા છે. જરૂરિયાતમંદ લોકોને સમયે - સમયે મદદ કરતાં શિક્ષણપ્રિય દિલીપભાઈ પાસે હકારાત્મક દૃષ્ટિ છે. મેં એમને એક પ્રેરક અવતરણ દ્વારા યાદગાર પ્રસંગ રજૂ કરવા કહ્યું ત્યારે તેમણે પ્રેરક દાખલો પ્રસ્તુત કર્યો. 'જયારે હું મુંબઈ સોમૈયા કોલેજમાં એડમિશન લેવા ગયો હતો ત્યારે પ્રિન્સિપાલ પંડ્યા સાહેબનું અંગ્રેજી જરાપણ સમજી શક્યો નહોતો. ખૂબ ક્ષોભ થયો હતો, પરંતુ પૂ. પંડયા સાહેબનો એપ્રોચ મને સ્પર્શી ગયો હતો અને પછી તો ખૂબ જ મહેનત કરી કોલેજ ફસ્ટ આવ્યો ત્યારે અનહદ આનંદ થયો હતો.'

જીવન સ્વપ્નની ફલશ્રુતિનું ચિંતન પણ દિલીપભાઇએ સરસ રીતે વ્યક્ત કર્યું : 'ભગવાન જે પણ આપે. તે હસતાં - હસતાં સ્વીકારવું Complaining nature થી પરિસ્થિતિ સાથેનું અનુકૂલન સારી રીતે સધાતું નથી. આપણે દુઃખી થઇએ Complaining nature થી સામેની વ્યક્તિ દુઃખી થાય. જીવનમાં સુખી થવા માટે Complaining nature થી મુક્ત થવું જરૂરી છે.'

સામેની વ્યક્તિ પાસે કંઇ પણ અપેક્ષા રાખીએ. ત્યારે આપણે તેના તરફનો approach અને આપણે તેનાં માટે શું કરીએ છીએ. તે વિચાર માત્રથી સંબંધોની કડવાશ ઘટી જશે.

સત્ય હંમેશા multi dimensional હોય છે. આ માટે પાંચ આંધળા અને હાથીની વાત ખૂબ જ બંધ બેસે છે. જે આંધળો હાથીના કાનને સ્પર્શે છે. હાથીને સૂંપડા જેવો, જે પેટને સ્પર્શે છે,તે દીવાલ જેવો, જે પૂંછડાને સ્પર્શે છે, તે દોરડા જેવો, પગને સ્પર્શે છે, તે થાંભલા જેવો હાથી કહે છે, આમાનો કયો આંધળો સાચો એ કયો આંધળો ખોટો? દરેક આંધળો પોતાના દૃષ્ટિકોણથી સાચો હતો અને વાસ્તવિકતાની દૃષ્ટિએ ખોટો હતો. આપણું સત્ય એ કદાચ whole truth નો ભાગ હોઇ શકે. whole truth નહિ. આ માન્યતા આપણામાં આવે તો સામેની વ્યક્તિ તેના દૃષ્ટિકોણથી સાચી છે અને હોઇ શકે. તે વિચારથી આપણી માન્યતાઓનો biting tone ઘટી જશે અને સામેવાળાના વિચારો સમજવાની, સ્વીકારવાની તૈયારી હોવાથી આપણી સમજનો વ્યાપ વિકશી શકે. આપણા આગ્રહો છોડીએ તો જ બીજાના વિચારો સમજવા માટે Receptive બની શકીએ. સામેની વ્યક્તિ પણ સાચી હોઇ શકે, તે વિચારથી દલીલોનો biting tone ઘટી જશે અને વિચારોની સ્વીકૃતિ પણ કદાચ વધી જશે. સામેની વ્યક્તિ વિચારોની સ્વીકૃતિની તૈયારી, આપણા વિચારોનો વ્યાપ પણ વધારે છ. Positivity always wins - આ સિધ્ધાંત માણસને સર્વ સ્વીકૃત બનાવે છે. ભગવાન શિવનાં ત્રિનેત્રની જેમ આપણી પાછળ હોય. તેની પર કરૂણાની નજર, સમાન હોય તેના પર તંદુરસ્ત હરિફાઇની નજર સંતોષ સાથે રાખવાથી જીવનમાં તાણ અનુભવાતું નથી અને વિકાસ થાય છે.'

નિખાલસતા જેમને પ્રિય છે. એવા પ્રજ્ઞા - પ્રતિભા દિલીસભાઇ સિંહારને અનેકાનેક શુભેચ્છાઓ.

શ્રી દિલીપભાઇનો મો. નં. ૯૪૨૭૭૩૨૬૧૩ છે.

**વાચન માટે સમય ન બચાવી શકતા દિલીપભાઈને ટીવી સીરિયલ ગમતી નથી, બાધા, આખડી, માનતા, ઉપવાસ, વ્રત અને એકટાણાં વિશે વાત કરતાં તેમણે આ રીતે જણાવ્યું હતું, 'ભગવાન પર મને પૂર્ણ શ્રધ્ધા છે પરંતુ બાધા, આખડી રાખવા કરતાં આપણને આપણા સુખ માટે શું જરૂર છે, તે માંગણી જ વાજબી નથી, આપણા માટે જે સારું હોય તે પ્રભુ આપે છે તેવો દૃઢ વિશ્વાસ હું ધરાવું છું**

# શીલાએ બોસની જીવનદષ્ટિથી પ્રેરાઇ હરખઘેલી બની જૂની નોકરીનો આરંભ કર્યો, બેચાર અઠવાડિયા તો ઠીક ચાલ્યું પણ પછી બોસનું વર્તન પહેલાં જેમ જ શરૂ થયું

**મંગલ ભાવના - સં-વેદના**
- જય ગજ્જર

શીલા ડોકટરના મુખે સસરાનાં સમાચાર સાંભળી રડી પડી. જીવનનો એ એક જ આધાર હતો. આંસુ લૂછી એ એના શયનખંડમાં જઇ વિચારે ચઢી, "સસરાને સાજા કરવાનું શું કરવું?"

બેચાર સંબંધીઓ અને મિત્રો યાદ આવતાં એમની પાસે દોડી જઇ હૈયું ઠાલવ્યું. કોઇ એને પચાસ હજાર રૂપિયા ઉછીના આપવા તૈયાર નહોતું. એક યા બીજાં બહાનાં કાઢી સૌ છટકી ગયાં. આજ સાચા મિત્રોની પરખ થઇ.

એને એના જૂના બોસ રોન મરફી યાદ આવ્યા. ગમે ત્યારે એને મદદ કરવા એ તૈયાર હતા. બધી રીતે સારા હતા, પણ છાશવારે એ અડપલાં કરતાં ત્યારે એમની આંખોમાં હવસ દેખાતો. કયારેક સંજોગોનો લાભ લઇ એ બળાત્કાર કરશે એવી બીક એનાં મનમાં ઘૂસી ગઇ હતી. એટલે જ એક રવિવારે "ઓવરટાઇમ"નો ઇન્કાર કરેલો. ગુસ્સે થયેલા બોસે એને નોકરીમાંથી તિલાંજલી આપી દીધેલી. નોકરીની શોધમાં બે મહિના ઘણીબધી ઓફિસોમાં પગથિયાં ઘસી નાખ્યાં, પણ નો લક! પતિ બોબ એક જીવલેણ અકસ્માતમાં ચાલ્યો ગયો હતો. એક પ્રેમાળ સસરા સિવાય જીવનમાં હવે કોઇ જ નહોતું. એ બીમાર પડ્યા એટલે એમની સેવાને એની ફરજ માની હતી. ડોકટરે કિડની ઇમ્પાલન્ટ ઓપરેશન માટે પચાસ હજાર રૂપિયાના ખર્ચની વાત કરી હતી.

એકે બાજુનો આરો ન જણાતાં એને જૂની નોકરી યાદ આવતાં "સમય સામે જોયું જશે." એમ વિચારી એ એ ઓફિસ દોડી ગઇ. સીધી બોસની કેબિનમાં ગઇ. મિ. મરફી એમની કેબિનમાં ગમગીનમાં કામમાં વ્યક્ત હતા. શીલાને જોતાં જાણે એમની મનોભૂમિ પણ જાણે હર્ષનો સાગર ઊમટી આવ્યો. એમણે સવાલ કર્યો, "શીલા વેલ્કમ! બોલ કેમ આવવું થયું?"

"આઇ એમ સોરી સર! છેલ્લે હું ગુસ્સે થઇ એલફેલ બોલી ગઇ હતી મને માફ કરશો? મારી દશ વર્ષની નોકરી છોડી દેવાનો અને તમારી સાથે ગાઢ સંબંધ પર પાણી ફેરવી ચાલ્યા જવાનો મને ખૂબ પસ્તાવો થયો છે! હું બહુ દિલગીર છું. આજ મારી લાચાર અવસ્થા મને અહીં ખેંચી લાવી છે. મારા સસરા બહુ બિમાર થયા છે. નોકરી કરવા જઇ શકે એમ નથી. ઘર ચલાવવા આવકની જરૂર પડી છે! મને મારી પોસ્ટ પર પાછી સ્વીકારી લેશો તો હું પહેલાંની જેમ જ તનમનથી નોકરી કરીશ. આપ મને મારી નોકરી પાછી આપશો તો આપની જીનવભરની ઋણી બની રહીશ."

"હું કહીશ તે બધું રાજીખુશીથી કરવા તૈયાર થઇશ ને?"

"તમારો પડતો બોલ ઝીલી લઇશ, સર!"

"સારૂં કાલથી નોકરી પર આવી જજે! સસરાની સારવાર માટે દવાદારૂનો ખર્ચ વધી જશે એટલે પહેલાં કરતાં દોઢો પગાર આપીશ. ઓપરેશન માટે પૈસાની જરૂર પડે તો કહેજે લોન આપીશ."

શીલાએ બોસની જીવનદૃષ્ટિથી પ્રેરાઇ હરખઘેલી બની જૂની નોકરીનો આરંભ કર્યો. બેચાર અઠવાડિયા તો ઠીક ચાલ્યું પણ પછી બોસનું વર્તન પહેલાં જેમ જ શરૂ થયું. કયારેક પાછળથી આવી એના બરડે હાથ ફેરવે તો કયારે પાસે આવી સ્મિત વેરે. શીલા વચનથી બંધાઇ હતી એટલે કશો પ્રતિકાર ન કરી શકતી. મૂગે મૂગે સહન કરતી રહી. પણ એક દિવસ મનનો ઊભરો ઠાલવવા કટિબધ્ધ થઇ. પણ બીમાર સસરા અને ઘરની આવકનો વિચાર આવતાં એ ઢીલી પડી. બહુ વિચારી પાકો નિરધાર કરી બોસની વાત એમની પત્નીને કરવા એ બોસને ઘરે પહોંચી ગઇ.

બોસની પત્નીએ એને પ્રેમથી પોતીકા સ્વજન જેમ આવકારી. ચાનાસ્તો આપી પૂછ્યું, "દીકરી, કેમ આવવું થયું? ઓફિસમાં ફાવે છે ને?"

"કામકાજ તો બહુ સારૂં છે પણ..."

"પણ શું? કેમ અટકી ગઇ? તું અમારી દીકરી જેવી છે!"

મનની વાત કહેવી કે ન કહેવી? મનોમન મૂંઝાઇ ગઇ. એ પારખી જતાં બોસનાં પત્નીએ ઉમેર્યું, "હૈયું ખોલી જરા કે સંકોચ રાખ્યા વિના મનની જે વાત હોય તે નિઃસંકોચ કહે. તારા બોસ તને કેવા લાગે છે?"

"બોસ, આમ તો બહુ ભલા અને સજ્જન લાગે છે! પણ, અવારનવાર મારી સામે તાકી સ્મિત વેરે છે અને પછી પાસે આવી કયારેક બરડા પર હાથ ફેરવે છે. એમના આવા અડપલાંથી હું ગભરાઇ જાઉં છું અને એમને ધક્કો મારી હડસેલી ઓફિસ છોડી દેવાનું મન થાય છે!"

"એવું, ના વિચારતી દીકરી, તારી વાત સાચી છે... ખરેખર એ બહુ ભલા માણસ છે. મને એમણે તારી વાત કરી છે. તને જોતાં એમને અમારી એકની એક વહાલી દીકરી યાદ આવે છે. એને એ બહુ વહાલ કરતાં એમ જ તને વહાલ કરવા પ્રેરાય છે. એ તો એક અકસ્માતમાં અમારા જીવનમાંથી ચાલી ગઇ છે. પણ તારામાં એનાં દર્શન થાય છે. તું એક વડીલ તરીકે એમને જોજે અને આવકારજે. એ ખુશ થશે અને એમનું મન શાંત થશે! રોજ ઘેર આવી મને તારી વાત કરી હૈયું હળવું કરજે! એમની મંગલ ભાવના પ્રગટ કરી કયારેક રડી પડે છે. તારી સમક્ષ હૈયું ખોલતાં એમની હું પદ આડે આવતાં એ ખચકાય છે! તને એક દીકરી જેમ પ્રેમ કરે છે!"

"સારૂં બા, એમની પ્રેમાળ દૃષ્ટિ પારખવામાં થાપ ખઇ ગઇ છું તો મને માફ કરજો. આજથી મારે એક બાપ નહિ બે બાપ છે, એમ વિચારી સદા એમને ખુશ રાખતી રહીશ!" બોલી શીલા એમને હરખભેર પગે લાગી. બાપ સમાન બોસને દીકરીની દૃષ્ટિથી જોવાનાં સંકલ્પ સાથે સદા ખુશ રાખવાની ગાંઠ વાળી ઘેર ગઇ.

# મેકેલી માટે તો અજાણ્યા કોલર સાથે ગપ્પા મારવાં એ માત્ર ટાઇમ પાસ ગેમ હતી એને તો મજા પડી હતી

**શક્ય હોય તો કાન આપો, સહુને ખભો આપો**
- દિનેશ દેસાઇ

પ્રેમની વાત નીકળે અને અચાનક રવિ હરિન્દ્ર દવે યાદ આવે એમની ગીતપંક્તિ દ્વારા. 'નહિતમ વાલમ રાત-દિવસનો રસ્તો ખૂટે કેમ?' તમે વાતો પ્રેમની કરજો અમે કરીશું પ્રેમ!' પ્રેમ એટલે શું? કોઇને સતત અને બિનશરતી રીતે ચાહતાં રહેવું. આમ તો ઇવ અને આદમનાં પ્રથમ પ્રેમસાથે જગતમાં પ્રેમનો આરંભ થયો. પરંતુ હાથી અને પ્રજ્ઞાચક્ષુઓની એક અંગ્રેજી વાર્તા અનુસાર 'તુંડે - તુંડે મતિર્ભિન્ના:' વ્યક્તિએ - વ્યક્તિએ દરેકનો અભિપ્રાય નોખો હોઇ શકે છે.

તમે માનો યા ના માનો, પ્રેમ તો આંધળો જ હોય છે. એને આંખો ન હોય. પ્રેમીજનોને દિમાગ નહીં, દિલ હોય છે. નહિંતર બાર વર્ષથી બોલકી છોકરી એકાવન વર્ષનાં ઘરડા ખચ્ચર જેવડા ભાયડાથી અંજાઇને એના પ્રેમમાં પડતી હશે? વાત અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટની છે. અહીંના સાન જોસ શહેરમાં રહેતી બાર વર્ષની મેકેલી બ્રાઉન ઘરમાં એકલી હતી ત્યારે કોઇ અજાણી વ્યક્તિનો ફોન આવ્યો. 'સોરી રોંગ નંબર' એમ કહીને રિસીવર ફોનનાં ક્રેડલ ઉપર મુકી દેવાનાં બદલે મેકેલીને તો પેલા અજાણ્યા કોલર સાથે વાતો કરવાની મજા પડી ગઇ. મેકેલી માટે તો અજાણ્યા કોલર સાથે ગપ્પા મારવાં એ માત્ર ટાઇમ પાસ ગેમ હતી. એને તો મજા પડી હતી. મેકેલી તો જાણે - અજાણે લેન્ડલાઇન ઉપર સામે છેડેથી વાત કરનાર અજાણ્યા કોલરનાં મેઘાવી અને જાદુઇ અવાજનાં પ્રેમમાં પડી ગઇ.

એકાકીપણાંનો શિકાર મેકેલીને પેલા પુરૂષ સાથે વાત કરવાંનું ગમવા માંડ્યું. એટલું જ નહીં, તેણે જ ખુદ પેલાને ફોન કરતાં રહેવાનું ઇજન આપ્યું. પેલો પુરૂષ તો એક સુંદર ગર્લફ્રેન્ડ મળ્યાનાં આનંદમાં હતો. એણે તો ફોન ઉપર જ રોમેન્ટિક અને શૃંગારરસ સંબંધી વાતો કરીને મેકેલીને રિઝવવા માંડી. અજાણ્યા કોલરને જેમ સુંદર ગર્લફ્રેન્ડ મળ્યાનો આનંદ હતો એમ જ મેકેલીને પણ જાણે સપનાંનો રાજકુમાર મળી ગયાનો સંતોષ હતો. હવે તો તે પહેલાં પણ ખુબ ખુશ રહેવા માંડી. પોતાનાં કપડાનું, ફેશનનું, દેખાવનું ખાસ ધ્યાન રાખવા માંડી હતી. રોજ મેક-અપ બોક્ષનો પણ ઉપયોગ કરવા લાગી હતી. પરંતુ એનામાં આવેલા આ પ્રકારનાં ફેરફાર સામે તેનાં મા-બાપની નજર કયારેય ન ગઇ.

બેઉનો ટેલિફોનિક લવ હવે આગળ વધ્યો. એ હદે કે બેઉ એકમેક વિના જાણે રહી શકે એમ નહોતાં. બે જણનાં એકાન્તમાં સુખ નામનાં પ્રદેશની ખોજમાં ઘર છોડીને કયાંક ભાગી જવાનું બેઉએ નક્કી કર્યું. પ્રેમ એ હદે પ્રગાઢ થયો હતો કે બેઉ વચ્ચે રહેલો ઉંમરનો તફાવત પણ હવે તો ઓગળી ગયો હતો. પછી શું થયું? શું થાય વળી? બેઉ ઘર છોડીને નાસી છુટ્યાં. મેકેલીનાં ડેડી મેથ્યુ બ્રાઉને સાન જોન પોલીસ સમક્ષ ફરિયાદ પણ નોંધાવી. શકદાર તરીકે તેઓએ પેલા અજાણ્યા ટેલિ-કોલર વિશે પોલીસને વાત પણ કરી. મેથ્યુ બ્રાઉન અને રૂથ બ્રાઉન હવે સમજી ગયા હતાં કે વાંક તેમનો જ તો. દીકરી વયમાં પ્રવેશવા આવી છતાં બેઉ નોકરિયાત મા-બાપ મેકેલી માટે સમય ફાળવી શકતા નહોતા. જો દીકરીને મા-બાપને કાન આપ્યાં હોત તો શક્ય છે કે મેકેલીએ પોતાનાં દિલની વાત અને પોતાનાં મનની મુંઝવણ પણ મા-બાપને કરી જ હોત. પરંતુ હવે શું થાય? પૂરનાં પાણી માથા પરથી વહી ગયાં હતા. પછી શું થયું? એ વાત મહત્ત્વની નથી. અગત્યની વાત એટલી જ છે કે તમે સંતાનોનો શું આપો છો? સંતાનો મોટા થઇ જાય ત્યારે તેમની પાસે મા-બાપ જયારે અપેક્ષા રાખે છે એમ સંતાનો શું યુવાન થાય ત્યાં સુધીમાં મા-બાપ પાસે અપેક્ષા ન રાખી શકે કે મા-બાપ તેમને કાન આપે?

શક્ય હોય તો કાન આપો, સહુને સાંભળો. પછી એ સંતાન હોય કે મા-બાપ, મિત્ર હોય કે સ્નેહી-સ્વજન. કોઇની પણ વાત સાંભળવાની કહેનારનાં હૃદયનો ભાર અવશ્ય હળવો થાય છે. બની શકે તો કોઇને ખભો આપો. કોઇનું દુઃખ-દર્દ કંઇ કાયમી રહેવાનું નથી. પરંતુ જયારે નજીકની કે ગમતી વ્યક્તિને તમે સધિયારો આપો છો, એને માથું મુકીને ડૂમો કાઢવા માટે ખભો આપો છો ત્યારે તમને ખબર નથી કે તમે કેવું જાદુઇ અને અદ્દ્ભૂત કાર્ય કર્યું છે. આ કાર્ય જ પ્રાઇસલેસ છે. એની રૂપિયામાં કિંમત આંકી શકાતી નથી. કારણ કે કાન અને ખભો બજારમાં વેચાતાં મળતાં નથી.

**સ્ટોપર :**

કુંવારો પુરૂષ રાજાની માફક જીવે છે, અને કૂતરાની માફક મરે છે, જયારે પરણેલો પુરૂષ કૂતરાની માફક જીવે છે અને રાજાની માફક મરે છે.


- dineshdesai303@gmail.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૬મી ફેબ્રુઆરી**

- નવેચતનના આદ્યસ્થાપક, સાહિત્ય-નાટ્યકાર, પત્રકાર શ્રી ચાંપશીભાઇ ઉદ્દેશીની પુણ્યિતિથિ - ૨૬-૨-૧૯૯૨.
- સુરક્ષિતતા, આરોગ્ય અને પર્યાવરણ જનજાગૃતિ માટે ૧૯૭૨થી, 'રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહ'ની ઉજવણી તા.૨૬મીથી ૪થી માર્ચ દરમિયાન કરવામાં આવે છે.
- ૩૨૦ની ૨૬મી ફેબ્રુઆરીથી ચંદ્રગુપ્ત પહેલાંનો રાજ્યાભિષેક, ગુપ્તશતકની શરૂઆત.
- ૧૮૫૭ - ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામનો પ્રારંભ.
- ૧૯૩૧ - હિન્દમાં સાતમી વસતી ગણતરીની શરૂઆત.



- ૧૮૦૨ - ફ્રાન્સ સાહિત્યકાર વિકટર હ્યુગોની જન્મજયંતિ.
- ૧૮૭૬ - દુનિયાની સૌથી ઢીંગણી સ્ત્રી રાજકુમારી પોલિનનો જન્મ. તે ગુજરી ગઇ ત્યારે માત્ર ૨૪ ઇંચ લાંબી હતી.
- ૧૯૦૩ - કામદાર નેતા - શ્યામપ્રસાદ વસાવડાનો જન્મ.